# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા જુલાઈ - 2016

**સૂચના :** 1. તમામ પ્રશ્નોના જવાબ ફરજીયાત છે.

2. જયાં સુધી ખંડનિરીક્ષક ન જણાવે ત્યાં સુધી જવાબ લખવાનું શરૂ કરવું નહિ.

3. જવાબપત્રકની પાછળ આપેલ સૂચનાઓ કાળજીપૂર્વક વાંચ્યા બાદ જવાબ લખવાનું શરૂ કરવું

4. પરીક્ષાર્થીઓએ પ્રશ્નપત્ર અને જવાબપત્ર બંને ખંડ–નિરીક્ષકને એક સાથે પરત કરવાનું અનિવાર્ય છે. આથી કોઈપણ પરીક્ષાર્થીએ પ્રશ્નપત્ર પોતાની સાથે લઈ જવાનો આગ્રહ રાખવો નહિ. પ્રશ્નપત્ર સાથે લઈ જનાર વિદ્યાર્થી આ પરીક્ષા માટે ગેરલાયક ઠરશે.

5. વૈકલ્પિક પસંદગીના દરેક પ્રશ્નના ઉત્તર માટે ચાર વિકલ્પ જણાવ્યા છે. જેમાંથી એક સાચો હોવાની શકયતા છે. સાચો જવાબ પસંદ કરી જવાબપત્રકમાં યોગ્ય ખાનામાં (x) નિશાની કરો.

6. જે વિદ્યાર્થી પોતાનો સાચો નોંધણી નંબર નહીં દર્શાવે તેનું પરિણામ રદ થશે.

**અભ્યાસક્રમ : સર્ટિફિકેટ ઈન ચાઈલ્ડકેર ઍન્ડ ડેવલપમેન્ટ (CCCD) નોંધણી નંબર:___________**

**પાઠયક્રમ : બાળસંભાળ સેવા આયોજન (CCCD-01)**

**તારીખ : 12/07/2016**

**સમય : 11.00 to 02.00** **કુલ ગુણ : 100**

| | |
|---|---|
| 1 | ક્રિયાત્મક કૌશલ્યોને શીખવા માટે _____નું ઘણું યોગદાન છે.<br>(A) શારીરિક વૃદ્ધિ (B) માનસિક (C) ધન (D) પરિવાર |
| 2 | જો બાળકને તેની ક્ષમતાઓનો પૂર્ણ વિકાસ કરવો હોય તો તેને જરૂર હોય છે.<br>(A) કલાની (B) મહાવરાની (C) ધનની (D) વિદ્યાની |
| 3 | બાળકોને ટ્રાફિક તથા અન્ય જોખમોથી બચાવવા માટે રમતના મેદાનની ચારેબાજુ હોવો જોઈએ.<br>(A) ધની વસ્તી (B) વાડ (C) દિવાલ (D) બગીચો |
| 4 | બાળકોના રમત માટે પ્રયોજાતુ ફર્નિચર કેવું હોવું જોઈએ?<br>(A) ખૂણા કે કિનારા વગર (B) ખૂણાવાળો<br>(C) કિનારાવાળો (D) ખૂણા કે કિનારા ધારદાર ન હોય તેવા |
| 5 | શાળાપૂર્વના બાળકો દોડતા હોય છે શા માટે?<br>(A) કૂદવા માટે (B) ખાવા માટે (C) આનંદ માટે (D) સ્વાસ્થ્ય માટે |
| 6 | બાળકો સૂચનાઓ અનુસરવા લાગે છે.<br>(A) 3 વર્ષે (B) 6 વર્ષે (C) 4 વર્ષે (D) 2 વર્ષે |
| 7 | ત્રણ પૈડાવાળી સાયકલો બાળકને મજબૂત બનાવે છે.<br>(A) પગના સ્નાયુઓને (B) હાથને (C) મનને (D) શરીરને |
| 8 | શાળાપૂર્વ વય એટલે શું?<br>(A) 4 વર્ષ (B) 3 વર્ષ (C) 2 વર્ષ (D) 6 વર્ષ |
| 9 | બાળકોને તેના સુક્ષ્મ સ્નાયુઓ પર કાબૂ મેળવવા માટે સમન્વયની જરૂર હોય છે.<br>(A) આંખ અને હાથ (B) હાથ અને પગ (C) આંખ અને પગ (D) બુદ્ધિ |
| 10 | બાળકોના રમતના મેદાનનો વાડ કેવો હોવો જોઈએ?<br>(A) સાદા તાર (B) કાંટાળા તાર (C) પાકી દીવાલ (D) કાચી દીવાલ |
| 11 | કેન્દ્રનો મુખ્ય દરવાજો ન ખુલવો જોઈએ.<br>(A) મુખ્ય રસ્તા તરફ (B) બગીચા તરફ (C) ગલીમા (D) જંગલ તરફ |

| | |
|---|---|
| 12 | શાળાપૂર્વ વયના બાળકો માટે સંભાળ કર્તા સ્થિતિસ્થાપક હોવી જોઈએ.<br>(A) ના (B) હા (C) બંને (D) એકપણ નહીં |
| 13 | શિક્ષણના અનુભવો બાળકની વય તથા ક્ષમતાઓને અનુરૂપ હોવા જોઈએ.<br>(A) હા (B) ના (C) વધારે હોવા જોઈએ (D) સામાન્ય હોવા જોઈએ. |
| 14 | બાળકોની ક્ષમતાથી વધુ અનુભવથી બાળકોની શક્તિ નષ્ટ થાય છે.<br>(A) માનસિક શક્તિ (B) પ્રેરક શક્તિ (C) સમાજિક શક્તિ (D) બૌદ્ધિક શક્તિ |
| 15 | અબ્દુલના મનમાં ઈંડા ખાવાના સંદર્ભમાં શો ભય હતો?<br>(A) સ્વાસ્થ્ય બગડશે (B) પક્ષીનું બચ્ચું આવી જશે<br>(C) પેટમાં દુઃખાવો થશે (D) સ્વાઈન ફ્લુ થઇ જશે |
| 16 | વાતાવરણમાંની ચીજોને બાળકના શિક્ષણના વિષય સાથે જોડવાથી બાળક શું પામે છે.<br>(A) જ્ઞાન (B અનુભવ (C) ધન (D) બુદ્ધિ |
| 17 | એ શાળા સર્વોત્તમ છે જેમાં બાળકો સૌથી વધુ ___________<br>(A) હાજર રહે છે (B) જવાબો જાણે છે (C) સ્વસ્થ છે (D) સાફસુથરા છે |
| 18 | શાળાપૂર્વેના શિક્ષણનો હેતુ છે.<br>(A) બાળકો બહાર જતા શીખે (B) બાળકો હકીકત જાણે<br>(C) માતાને રાહત મળે (D) નાની સ્કૂલને પ્રોત્સાહન મળે |
| 19 | કેવા અભિગમવાળી શિક્ષિકાને બાળકોને વસ્તુઓ કે ઘટનાઓ સમજાવાની અઘરી નથી રહેતી.<br>(A) કલ્પનાશીલ (B) સર્જનાત્મક અભિગમ (C) અનુશાસન યુક્ત (D) 1 અને 2 બંને |
| 20 | કોઈપણ રમત પ્રવૃત્તિની યોજના કરતાં પહેલાં શું નિશ્ચિત કરવાનું હોય છે?<br>(A) હાનિ (B) લાભ (C) ધ્યેય (D) પરિણામ |
| 21 | અનૌપચારિક અને સ્થિતિસ્થાપક વાતાવરણમાં બાળકો રહે છે.<br>(A) આનંદિત (B) બંધાયેલા (C) રમતા રહે છે (D) રોકાયેલા |
| 22 | બચપણના વર્ષોમાં શીખવાની ક્રિયા કેવી હોય છે.<br>(A) ધીમી (B) ઝડપી (C) મધ્યમ (D) એકપણ નહીં |
| 23 | ભાષાના મુખ્ય કેટલા પાસાં હોય છે?<br>(A) 3 (B) 4 (C) 2 (D) 5 |
| 24 | વાર્તાનું નાટકીકરણ કરવાથી વાર્તા કેવી બને છે.<br>(A) રસપ્રદ (B) મનોરંજક (C) રમૂજી (D) એકપણ નહીં |
| 25 | શાળાપૂર્વેના બાળકોનો શિક્ષણનો માધ્યમ કેવો હોવો જોઈએ?<br>(A) પ્રવાસ પ્રધાન (B) ઘરકામ પ્રધાન (C) રમત પ્રધાન (D) પુસ્તક પ્રધાન |
| 26 | બાળકને બોલવા માટે પ્રોત્સાહન આપવાથી બાળકનો વિકાસ થાય છે.<br>(A) જ્ઞાન (B) બુદ્ધિ (C) ભાષાકીય ક્ષમતા (D) તાર્કિક ક્ષમતા |
| 27 | પાંચ વર્ષની ઉંમર સુધી બાળકના માથાનું વજન મોટી વ્યક્તિના માથાના વજન કેટલા ટકા થઇ જાય છે.<br>(A) 80% (B) 75% (C) 90% (D) 60% |
| 28 | શાળાપૂર્વેના બાળકોનું શરીર હોય છે.<br>(A) લચીલું (B) નવું-નવું શીખવાવાળું C) કમજોર (D) પાતળું |
| 29 | કેટલા વર્ષના બાળકો કાગળની આડી, ઉભી, ત્રાંસી ગડી વાળી શકે છે?<br>(A) 6 વર્ષ (B) 3 વર્ષ (C) 4 વર્ષ (D) 1 વર્ષ |
| 30 | 9 મહીને બાળકને કઈ રસી મૂકવામાં આવે છે.<br>(A) ધનુર્વાની રસી (B) ઓરી અછબડાની રસી (C) B.C.Gની રસી (D) ત્રણેય |

| | |
|---|---|
| 31 | દૂધ અને દૂધની બનાવટોમાં સૌથી વધારે હોય છે.<br>(A) લોહતત્વ (B) વિટામીન A (C) વિટામીન C (D) કેલ્શિયમ |
| 32 | ખોરાકની માત્રામાં નિયંત્રણ ક્યારે રાખવું જોઈએ.<br>(A) બાળક રમતું હોય ત્યારે (B) બાળક માંદુ હોય ત્યારે<br>(C) બહાર ગામ જતા સમયે (D) સ્વસ્થ હોય ત્યારે |
| 33 | B.C.G રસી કઈ રીતે અપાય છે.<br>(A) મોં દ્વારા (B) થાપા ઉપર (C) હાથમાં (D) એકપણ નહીં |
| 34 | શાળા પહેલાના બાળકોનું કદ પ્રત્યેક વર્ષે કેટલું વધે છે?<br>(A) 4 ઇંચ (B) 3 ઇંચ (C) 2 ઇંચ (D) એકપણ નહીં |
| 35 | માટીના વાસનો બનાવવા એ કોનું આજીવિકાનું સાધન છે.<br>(A) લુહાણા (B) કુંભાર (C) ઘાંચી (D) ત્રણેય |
| 36 | શાળાપૂર્વના બાળકો કયો કાળ પછી શીખે છે.<br>(A) વર્તમાનકાળ (B) ભૂતકાળ (C) ભવિષ્યકાળ (D) ત્રણેય |
| 37 | 13 થી 36 મહિનાના બાળકો પોતાની ક્રિયાઓ બતાવવા માટે કઈ ભાષાનો પ્રયોગ કરે છે.<br>(A) સામાન્ય (B) અંગ્રેજી (C) પૂર્ણભાષા (D) ત્રણેય |
| 38 | ભાષા વિકાસમાં કયા કૌશલ્યો પણ સહાયક બને છે.<br>(A) આર્થિક (B) શારીરિક (C) સામાજિક (D) એકપણ નહીં |
| 39 | દરેક માતા-પિતાના વ્યવહારની શૈલી કેવી હોય છે.<br>(A) પ્રેમાળ (B) વાત્સલ્ય પૂર્ણ (C) જુદી (D) સ્નેહ રહિત |
| 40 | દરેક બાળકના બાલ્યાવસ્થાના અનુભવો કેવા હોય છે.<br>(A) ભિન્ન (B) એક સરખા (C) એકપણ નહીં (D) સુંદર |
| 41 | બાળકોના પ્રશ્નો ઘણીવાર વડીલોની સહનશીલતાને______બને છે.<br>(A) સુખદ (B) ભારરૂપ (C) આનંદયુક્ત (D) મુસીબત યુક્ત |
| 42 | છોકરીને પરિવારમાં અને સામાજીકરણમાં કેવા સભ્ય તરીકે ગણવામાં આવે છે.<br>(A) મુખ્ય (B) ગૌણ (C) હંગામી (D) ત્રણેય |
| 43 | સ્લેટ પેન ઉદ્યોગ સૌથી વધારે ક્યાં છે.<br>(A) મુંબઈ (B) દિલ્હી (C) મધ્ય પ્રદેશ (D) સુરત |
| 44 | તાળાનું ઉત્પાદન ઉત્તરપ્રદેશમાં ક્યાં સૌથી વધારે થાય છે.<br>(A) રામગઢ (B) અલીગઢ (C) નયનગઢ (D) કાનપુર |
| 45 | પોટેશિયમ સાઈનાઈડ કેવો રસાયણ છે.<br>(A) ખૂબ હાનિકારક (B) લાભદાયક (C) કલરમાં પ્રયોજાતો (D) ત્રણેય |
| 46 | રોજબરોજના જીવન માટે નિયમો, મૂલ્યો અને આચારસંહિતા શેના દ્વારા નિશ્ચિત કરવામાં આવે છે.<br>(A) સ્કૂલ દ્વારા (B) પરિવાર દ્વારા (C) સમાજ દ્વારા (D) ધર્મ દ્વારા |
| 47 | માતા-પિતાની ગેરહાજરી બાળક પર કેવી અસર કરે છે.<br>(A) સ્વતંત્રતા પૂર્ણ ( ) નકારાત્મક (C) ધનાત્મક (D) જવાબદારી પૂર્ણ |
| 48 | ડુંગરાળ વિસ્તારમાં રહેતા બાળકનો મુખ્ય વ્યવસાય શું હોય છે.<br>(A) ઘેટાપાલનનો (B) ખેતીવાડી (C) એકપણ નહીં (D) શાકભાજીનો |
| 49 | ગામડા અને શહેરએકબીજાને જુદું પાડે છે.<br>(A) રસ્તાઓ (B) વીજળી (C) પાણી (D) ઓછી વસ્તી |
| 50 | ગ્રામીણ પરિવારના જીવનની ગતિ કેવી હોય છે.<br>(A) મધ્યમ (B) તેજ (C) ધીમી (D) સુંદર |

| | |
|---|---|
| 51 | મોરીઆસ આદિવાસીઓમાં બાળલગ્ન શું છે.<br>(A) નિષેધ (B) માન્ય (C) સાદાપદ્ધતિ (D) ત્રણેય |
| 52 | મોરીઆસ આદિવાસીઓ કાયદા અને રિવાજોનું પાલન કઈ રીતે કરે છે.<br>(A) અલગ-અલગ- રીતે (B) ખૂબજ કડકાઈ પૂર્વક (C) શહેરની જેમ (D) પાલન કરતા નથી |
| 53 | મોરીઆસમાં લગ્ન પૂર્વે જાતીય સંબંધ કેવો છે.<br>(A) માન્ય (B) ગેરમાન્ય (C) આવશ્યક (D) ક્યારે નહીં |
| 54 | કયા આદિવાસીઓમાં લગ્નબાહ્ય પણ જાતીય સંબંધ માટે મોતની સજા છે.<br>(A) નિષાદજાતિ (B) મોરીઆસ (C) વનમાનુષ (D) વિચરતી જાતિ |
| 55 | જન્મથી કેટલા વર્ષનો સમયગાળો શૈશવ કહેવાય છે.<br>(A 4 વર્ષ (B) 2 વર્ષ (C) 6 વર્ષ (D) ત્રણેય |
| 56 | બે વર્ષ થી બાર વર્ષના સમયગાળાને શું કહેવાય છે.<br>(A) શૈશવ (B) બાલ્યાવસ્થા (C) શૈશવ અને બાલ્યાવસ્થા (D) ત્રણેય |
| 57 | બાલ્યાવસ્થાનો સમયગાળો કેટલા તબક્કામાં વિભાજીત કરેલ છે.<br>(A) 3 ભાગ (B) 4 ભાગ (C) એકપણ નહીં (D) 2 ભાગ |
| 58 | કઈ અવસ્થામાં બાળકો સંપૂર્ણપણે સંભાળકર્તા પર નિર્ભર હોય છે.<br>(A) બાલ્યાવસ્થા (B) કિશોરાવસ્થા (C) શૈશવાવસ્થા (D) ત્રણેય |
| 59 | વિકાસના સંદર્ભમાં ક્રમબદ્ધ શબ્દ શું સૂચવે છે.<br>(A) ધીમો વિકાસ (B) તબક્કાવાર વિકાસ (C) લયબદ્ધ વિકાસ (D) ત્રણેય |
| 60 | કિશોરાવસ્થા પછી શારીરિક વિકાસ કેવો બને છે.<br>(A) ધીમો બને છે (B) ઘણો ધીમો બને છે (C) તીવ્ર બને છે (D) થતો નથી |
| 61 | 11 થી 14 વર્ષનો ગાળોકઈ અવસ્થાનો તબક્કો છે.<br>(A) યુવાવસ્થા (B) કિશોરાવસ્થા (C) પ્રૌઢાવસ્થા (D) શૈશવાવસ્થા |
| 62 | 18 વર્ષની વ્યક્તિને શું કહેવાય છે.<br>(A) કિશોર (B) પ્રૌઢ (C) બાળક (D) યુવાન |
| 63 | કાયદાકીય દ્રષ્ટિએ છોકરા છોકરીના લગ્નની અવસ્થા શું છે.<br>(A) 22 થી 19 (B) 17 થી 20 (C) 21 થી 18 (D) 22 થી 24 |
| 64 | શાળાપૂર્વ બાલ્યાવસ્થા એટલે કે___<br>(A) 2 થી 4 વર્ષ (B) 3 થી 4 વર્ષ (C) 1 થી 6 વર્ષ (D) 2 થી 6 વર્ષ |
| 65 | ગર્ભાવસ્થા દરમ્યાન કયા ભાગનો વિકાસ સૌથી વધારે હોય છે.<br>(A) પગ (B) હાથ (C) માથા (D) હાથ-પગ |
| 66 | જન્મ પછી હાથ-પગની લંબાઈ કેટલા ગણી વધે છે.<br>(A) બે ગણી (B) ત્રણ ગણી (C) ચાર ગણી (D) લગભગ ચાર ગણી |
| 67 | બાળક છેલ્લે કયા સ્નાયુઓ ઉપર નિયંત્રણ કરતું હોય છે.<br>(A) આંખ (B) નાક (C) પગ (D) હાથ |
| 68 | બાળક સૌપ્રથમ કયા સ્નાયુઓ ઉપર અનુબંધ લાવે છે.<br>(A) પગના સ્નાયુઓ (B) મોટા સ્નાયુઓ (C) સૂક્ષ્મ સ્નાયુઓ (D) ત્રણેય |
| 69 | શિશુ કેટલા વર્ષમાં રંગોને ઓળખતું થાય છે.<br>(A) ત્રણ (B) બે (C) ચાર (D) ત્રણ થી ચાર |
| 70 | જાતીય પુખ્તતા(Puberty)માં છોકરીઓ છોકરાઓ કરતા હોય છે.<br>(A) પાછળ (B) સાથે-સાથે (C) આગળ (D) ત્રણેય |

| | |
|---|---|
| 71 | બાળકમાં વ્યક્તિગત વિચાર કરવાની શક્તિનો ઉદ્દભવ તરફ ______ નિર્દેશ કરે છે.<br>(A) જ્ઞાનાત્મક વિકાસ (B) ભાષાકીય વિકાસ (C) શારીરિક વિકાસ (D) આપેલ તમામ |
| 72 | જે શિશુ ભાષા સાંભળતું નથી તેની પાસે કઈ ક્ષમતા હોતી નથી.<br>(A) ચાલવાની (B) હસવાની (C) બોલવાની (D) વાંચવાની |
| 73 | માતાના ગર્ભમાં કઈ બીમારી દ્વારા ભયંકર રોગો થઇ શકે છે.<br>(A) તાવ B) શરદી (C) જર્મન મીઝલ્સ (D) કીડની |
| 74 | માતા-પિતા તરફથી શિશુને વારસામાં શું મળે છે.<br>(A) વજન (B) જીન્સ(Gens) (C) ભૂખ (D) વિદ્યા |
| 75 | ફ્રેટર્નલ ટ્વીન્સએટલે શું?<br>(A) બે માતાપિતા ની સંતાન (B) એક શુક્રાણું એક સ્ત્રી બીજ<br>(C) બે સ્ત્રી બીજ બે શુક્રાણું (D) ત્રણ સ્ત્રી બીજ બે શુક્રાણું |
| 76 | ચેષ્ટાસ્નાયુઓનો વિકાસ પુખ્તતા સાથે કઈ રીતે સંકળાયેલો છે.<br>(A) ગાઢ (B) સામાન્ય (C) નિમ્ન (D) ત્રણેય |
| 77 | કોઈપણ બે વ્યક્તિઓમાં એક સરખા હોતા નથી.<br>(A) જીન્સ(Gens) (B) દાંત (C) હાડકા (D) બુદ્ધિ |
| 78 | શિશુના વિકાસમાં કેન્દ્રસ્થાને હોય છે.<br>(A) આહાર (B) ઊંઘ (C) પ્રેમ અને માવજત (D) ઋતુઓ |
| 79 | બાળ હક્કોનું જાહેરનામું સંયુક્તરાષ્ટ્રસંઘે કયા વર્ષમાં બહાર પાડ્યું.<br>(A) 1857 (B) 1959 (C) 2010 (D) 1947 |
| 80 | ભારત સરકારે કયા વર્ષે બાળકોને રાષ્ટ્રની અત્યંત મહત્વની પૂંજી તરીકે જાહેર કર્યું.<br>(A) 1974 (B) 1951 (C) 1888 (D) 2013 |
| 81 | શાળાપૂર્વેના કેન્દ્રોમાં કેટલા વર્ષના બાળકો લેવામાં આવે છે.<br>(A) 4 થી 5 (B) 4 થી 6 (C) 2 થી 6 (D) 3 થી 5 |
| 82 | કિંડર ગાર્ડન શેના માટે હોય છે.<br>(A) બાળકો માટે (B) પક્ષીઓ માટે (C) પશુઓ માટે (D) બીમાર મરઘા માટે |
| 83 | વિકાસ વાડી જેવા કાર્યો ક્યાં થાય છે.<br>(A) બાલવાડી (B) કારખાના (C) રેલગાડી (D) ત્રણેય |
| 84 | રમત પ્રવૃત્તિમાંથી બાળક શું મેળવે છે?<br>(A) જ્ઞાન (B) સ્વાસ્થ્ય (C) ઉત્તેજન અને પ્રોત્સાહન (D) એકપણ નહીં |
| 85 | ત્રણ વર્ષના બાળકને આશરે કેટલા દાંત હોય છે.<br>(A) 20 (B) 18 (C) 19 (D) 25 |
| 86 | સતત ચાલવાથી બાળકોના પગ કેવા પડે છે?<br>(A) ટેઢા (B) સીધા (C) મજબૂત (D) વાંકાચૂકા |
| 87 | જયારે બાળકો રમતમાં તલ્લીન હોય ત્યારે શેના ઉપર ધ્યાન ઓછું હોય છે.<br>(A) માતા ઉપર (B) ઘર ઉપર (C) ખાવા ઉપર (D) નહાવા ઉપર |
| 88 | બાળકોને કેવો આહાર આપવો જોઈએ?<br>(A) સમતોલ (B) ફેટી (C) વિટામીન વાળો (D) ફળયુક્ત |
| 89 | રસીના બુસ્ટર ડોઝ આપ્યા બાદ કેટલા સમય પછી બીજી રસી આપવાની હોય છે.<br>(A) 6 માસ (B) 3 માસ (C) 9 માસ (D) 1 વર્ષ |
| 90 | બાળકના શારીરિક બંધારણ માટે જરૂરી છે.<br>(A) પ્રોટીન (B) ફેટ (C) પાણી (D) સૂર્ય પ્રકાશ |

| | | 
|---|---|
| 91 | નાયડો ગંદા અને જંતુરહિત કાર્ય વિનાના સાધનોથી કપાયેલો હોય તો બાળકને કયો રોગ થાય છે.<br>(A) ઓરી (B) તાવ (C) ધનુર (D) ટાઇફોઇડ |
| 92 | ભ્રુણની જાતિ કેટલા મહિનામાં નક્કી થઇ જાય છે.<br>(A) ત્રણ અઠવાડિયા (B) આઠ અઠવાડિયા (C) દસ અઠવાડિયા (D) પાંચ અઠવાડિયા |
| 93 | સગર્ભા સ્ત્રી કઈ દવાનું સેવન કરે તો શિશુના દાંત પર ડાઘા પડી શકે છે.<br>(A ટેટ્રાસાઈક્લીન (B) પૈરાસીટામોલ (C) ઓબેલ (D) ત્રિશુલ |
| 94 | કેટલા માસ ના શિશુ માટે નવજાત શિશુ શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે.<br>(A) 2 માસ (B) 1 માસ (C) 5 માસ (D) એકપણ નહીં |
| 95 | પરીકથાના નાયક-નાયિકા હંમેશા કેવા હોય છે?<br>(A) સુંદર અને લાંબા (B) દુર્જન અને કઠોર (C) સુશીલ અને સજ્જન (D) એકપણ નહીં |
| 96 | ઇન્ડિયન કાઉન્સિલ ફોર ચાઈલ્ડ વેલ્ફેર સંસ્થાની શરૂઆત કયા વર્ષમાં થઇ?<br>(A) 1952 (B) 1947 (C) 1857 (D) 2014 |
| 97 | બાલ્કનજી બારીની સ્થાપના કયા વર્ષમાં થઇ?<br>(A) 1818 (B) 1920 (C) 1773 (D) ઈ.સ.પૂર્વે 3 સદી |
| 98 | નેશનલ હેલ્થ પોલીસીની સ્થાપના કયા વર્ષે કરવામાં આવી?<br>(A) 1947 (B) 1951 (C) 1983 (D) 1993 |
| 99 | આંગણવાડી કાર્યકર કેવા પ્રકારનો કાર્યકર્તા હોય છે.<br>(A) સ્વૈચ્છિક (B) સરકારી (C) રાજનૈતિક (D) એકપણ નહીં |
| 100 | બાળ સંભાળ પ્રવૃત્તિમાં જોડાયેલ કાર્યકર્તાની પ્રારંભિક જવાબદારી શું હોય છે?<br>(A) પોતાનો વિકાસ (B) સમાજમાં જાગૃતિ આણવી<br>(C) કુપોષણ દુર કરવું (D) પોલીયોની રસી આપવી |

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા જુલાઈ-2016

**સૂચના :**
1. તમામ પ્રશ્નોના જવાબ ફરજીયાત છે.
2. જયાં સુધી ખંડનિરીક્ષક ન જણાવે ત્યાં સુધી જવાબ લખવાનું શરૂ કરવું નહિ.
3. જવાબપત્રકની પાછળ આપેલ સૂચનાઓ કાળજીપૂર્વક વાંચ્યા બાદ જવાબ લખવાનું શરૂ કરવું
4. પરીક્ષાર્થીઓએ પ્રશ્નપત્ર અને જવાબપત્ર બંને ખંડ–નિરીક્ષકને એક સાથે પરત કરવાનું અનિવાર્ય છે. આથી કોઈપણ પરીક્ષાર્થીએ પ્રશ્નપત્ર પોતાની સાથે લઈ જવાનો આગ્રહ રાખવો નહિ. પ્રશ્નપત્ર સાથે લઈ જનાર વિદ્યાર્થી આ પરીક્ષા માટે ગેરલાયક ઠરશે.
5. વૈકલ્પિક પસંદગીના દરેક પ્રશ્નના ઉત્તર માટે ચાર વિકલ્પ જણાવ્યા છે. જેમાંથી એક સાચો હોવાની શકયતા છે. સાચો જવાબ પસંદ કરી જવાબપત્રકમાં યોગ્ય ખાનામાં (x) નિશાની કરો.
6. જે વિદ્યાર્થી પોતાનો સાચો નોંધણી નંબર નહીં દર્શાવે તેનું પરિણામ રદ થશે.

**અભ્યાસક્રમ : સર્ટિફિકેટ ઈન ચાઈલ્ડકેર ઍન્ડ ડેવલપમેન્ટ (CCCD) નોંધણી નંબર:____________**
**પાઠ્યક્રમ : સમુદાય માટે પોષણ (CCCD-02)**
**તારીખ : 13/07/2016**
**સમય : 11.00 to 02.00** **કુલ ગુણ : 100**

| | |
|---|---|
| 1 | પાલક, મેથી, સરસવના પાન કયા કેરોટીનના સ્રોત છે?<br>(A) બીટા (B) આલ્ફા (C) ગેમા (D) એક પણ નહી |
| 2 | `માછલીના યકૃતનું તેલમાંથી સૌથી સારું પ્રાપ્તિસ્થાન કયું છે?<br>(A) વિ. E (B) વિ. D (C) વિ. C (D) વિ. B |
| 3 | વિટામીન એ તથા વિટામીન સી ને સુરક્ષા પ્રદાન કરવાનું કાર્ય કયું વિટામીન કરે છે?<br>(A) વિટામીન ઈ (B) વિટામીન બી (C) વિટામીન ડી (D) વિ. B સમૂહ |
| 4 | શરીરમાં ફોસ્ફરસની માત્રા કેટલી હોય છે?<br>(A) 200-300 (B) 300-250 (C) 400-700 (D) 500-800 |
| 5 | લોહીને ગંઠિત કરવાની ક્રિયામાં સહાયતા કરવી.<br>(A) લોહતત્વ (B) આયોડીન (C) તાંબુ (D) કેલ્શિયમ |
| 6 | દૂધની બાટલીની ટોટી ઉપર માખીઓ બેસતી હોઈ શકે આને લીધે વારંવાર _______થાય.<br>(A) ઝાડા (B) ઉલ્ટી (C) શરદી (D) એક પણ નહી |
| 7 | પ્રજીવક 'એ'ની જરૂરીયાત સ્તનપાન કરાવતી માતા માટે પ્રાપ્ત પ્રમાણ કેટલું હોવું જોઈએ?<br>(A) 700 (B) 850 (C) 950 (D) 1000 |
| 8 | I.C.D.S. કાર્યક્રમ ભારતમાં કઈ સાલથી શરૂ કરવામાં આવ્યો?<br>(A) 1974 (B) 1975-76 (C) 1977 (D) 1978-79 |
| 9 | પૂર્ણ પારિવારિક અંદાજપત્રમાં ત્રણ મૂળ આવશ્યક્તાઓમાં સૌપ્રથમ સ્થાન કોનું છે?<br>(A) આહાર (B) કપડાં (C) મકાન (D) શિક્ષણ |
| 10 | દ્રાક્ષમાં લગભગ કેટલા ટકા પાણી છે?<br>(A) 90 (B) 80 (C) 70 (D) 60 |
| 11 | જથ્થાબંધ ખરીદી તમને કેવી ગુણવત્તા પ્રદાન કરે છે?<br>(A) વધારે (B) ઓછી (C) એક સરખી (D) એક પણ નહી |

| | |
|---|---|
| 12 | અથાણું, જેમ, જેલી તથા સ્ક્વોશ બનાવવા માટે _________ખરીદી કરવી મહત્વપૂર્ણ છે.<br>(A) કમોસમમાં (B) વરસાદી વાતાવરણમાં (C) મોસમમાં (D) એક પણ નહી |
| 13 | ઘઉં, ચોખા, કઠોળ, દાળ વગેરે ઋતુમાં ભરવાથી શેનો બચાવ થાય છે?<br>(A) સમય (B) શક્તિ (C) વીજળી (D) નાણાં |
| 14 | મોસમમાં ખરીદી કરી તેનું ______કરવામાં આવે તો પૈસાની બચત અને આહારમાં વિભિન્નતા એમ બન્ને દ્રષ્ટીએ ફાયદાકારક છે.<br>(A) હિમીકરણ (B) નિર્જીલીકરણ (C) સંગ્રહ (D) ત્રણેયમાંથી એકેય નહી |
| 15 | હંમેશા ખરીદવાનો નિર્ણય કરતાં પહેલા શું શોધી કાઢવું?<br>(A) કિંમત (B) મૂલ્ય (C) સસ્તું છે (D) ધોરણ |
| 16 | આપની પાસે બજારમાંથી ખરીદી કરવાની કેટલા પ્રકારની ખરીદી સૂચિઓ છે?<br>(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ |
| 17 | કોઇપણ જાતની કઈ યોજના વગર કોઇ પણ ખર્ચને વિશેષરૂપે ભોજન પર થતાં ખર્ચને નિયંત્રિત રાખવું ઘણું કઠિન છે.<br>(A) મૌખિક (B) ગણત્રી કરીને (C) સાંભળીને (D) લેખિત |
| 18 | આજકાલ બજારમાં ઘણાં બધાં રીફાઈન્ડ તેલ હોય છે. સૌથી વધુ વપરાતું તેલ કયું?<br>(A) મગફળીનું (B) સૂરજમુખી (C) કપાસિયા (D) નાળિયેરનું તેલ |
| 19 | ઘઉં અને ચોખાની સાથે-સાથે બીજુ શું ખરીદવાથી ધનરાશિની કમીને પૂરી કરી શકાય?<br>(A) તુવેર (B) જુવાર (C) મગ (D) વટાણા |
| 20 | ફૂદીના કોથમીરની ચટણી અથવા કાકડી, ટામેટાના રાયતા સાથે પીરસવાથી કોની પૂર્તિ થઈ જાય છે?<br>(A) પ્રોટીન (B) થાયામિન (C) વિટામીનો અને ખનીજક્ષારો (D) વિટામીન C |
| 21 | ભોજનને ગરમ ને ગરમ રાખવા માટે કેવા વાસણો વાપરવા?<br>(A) પિત્તળના (B) ધાતુના (C) માટીનાં (D) થર્મોકોલના |
| 22 | બાજરી, રાગી, જુવાર વગેરેને કેવા અનાજમાં રાખવામાં આવ્યા છે?<br>(A) એક સરખાં (B) નાનાં (C) મોટાં (D) મધ્યમ |
| 23 | માનવના જીવન-નિર્વાહનું મુખ્ય સાધન કયું છે?<br>(A) દૂધ (B) ફળ-ફળાદિ (C) કઠોળ (D) અનાજ |
| 24 | ડબલરોટી, બિસ્કિટ તથા કેક માટે કઈ પદ્ધતિનો ઉપયોગ કરી બનાવવામાં આવે છે?<br>(A) શેકવાની (B) બાફવાની (C) તળીને (D) ત્રણેય |
| 25 | ઘઉંમાં રહેલું ગ્લૂટીન સ્વયં કેટલા અવયવોનું મિશ્રણ છે?<br>(A) ચાર (B) ત્રણ (C) બે (D) એક |
| 26 | બાસમતી, તિલક ચંદન, હંસરાજ જેવી સુગંધિત તથા લાંબા દાણાવાળી જાતો કયા ક્ષેત્રોમાં દૈનિક ભોજનમાં પ્રતિદિન લેવામાં આવે છે.<br>(A) પૂર્વ (B) પશ્ચિમ (C) ઉત્તરીય (D) દક્ષિણ |
| 27 | આપણા આહારમાં ઘન, અર્ધપ્રવાહી, અને પ્રવાહી પદાર્થોનો સમાવેશ થાય છે. જે શરીરને શું પ્રદાન કરે છે?<br>(A) વિટામીન (B) પ્રોટીન (C) ચરબી (D) પૌષ્ટિકતા |
| 28 | આહારમાંથી મળતા રાસાયણિક પદાર્થોને શું કહેવામાં આવે છે?<br>(A) પોષક ઘટકો (B) અપોષક ઘટકો (C) પ્રોટીન (D) વિટામિન |
| 29 | આપણે જે ખોરાક લઈએ છીએ તેમાંથી આપણને કેટલા પોષકતત્વો મળે છે?<br>(A) 50 થી વધુ (B) 40 થી પણ વધુ (C) 30 થી વધુ (D) 20 થી વધુ |
| 30 | કાર્બોદિત પદાર્થ અને ચરબી શરીરમાં પ્રાણવાયુ સાથે ભળી અને શરીરને શું પ્રદાન કરે છે?<br>(A) શક્તિ (B) શક્તિ/ઊર્જા (C) સ્ફૂર્તિ (D) આળસ |

| | |
|---|---|
| 31 | કોઈપણ વ્યક્તિને પૌષ્ટિક આહાર માટેના સૂચનો આપતી વખતે તે વ્યક્તિની કઈ પરિસ્થિતિનું મૂલ્યાંકન કરી લેવું જોઈએ.<br>(A) સામાજિક (B) ભાવનાત્મક (C) આર્થિક (D) ત્રણેય |
| 32 | દૂધ અને દૂધમાંથી બનેલા પદાર્થો કયા ભોજનમાં મુખ્ય ઉદાહરણો માનવામાં આવ્યા છે?<br>(A) સાત્વિક (B) રાજસિક (C) તામસિક (D) ત્રણેયમાંથી એક પણ નહી |
| 33 | શારીરિક અસ્વસ્થતાના કારણે માણસનો સ્વભાવ કેવો બની જાય છે?<br>(A) ચીડિયો (B) શાંત (C) ગરમ (D) નરમ |
| 34 | શરીરમાં એક અથવા એકથી વધુ પોષક ઘટકોની કમીને શું કહેવાય?<br>(A) અતિપોષણ (B) અલ્પપોષણ (C) કુપોષણ (D) પોષણ |
| 35 | સારા સ્વાસ્થ્ય માટે કેટલી માત્રામાં ખોરાક જરૂરી છે?<br>(A) ઉચિત (B) માધ્યમ (C) ઓછો (D) વધારે |
| 36 | શરીરના કયા અવયવોમાં ખોરાકનું પાચન તથા શોષણની ક્રિયા થાય છે?<br>(A) પાચનતંત્ર (B) લાળગ્રંથિ (C) જઠર (D) અન્નનળી |
| 37 | પાચકરસમાં અમુક રાસાયણિક પદાર્થો હોય છે, જેને શું કહેવામાં આવે છે?<br>(A) કાર્બોદિતો (B) ઉત્સેચકો (C) પોષકતત્વ (D) ચરબી |
| 38 | પ્રકૃતિમાં લગભગ કેટલી જાતના પ્રાકૃતિક તત્વ મળી આવે છે?<br>(A) 101 (B) 102 (C) 103 (D) 104 |
| 39 | પ્રત્યેક તત્વ નાના-નાના અંકમાંથી બનેલા છે. જેને _______કહે છે.<br>(A) તત્વ (B) સંયોજન (C) અકાર્બનિક (D) પરમાણું |
| 40 | બટાકા, ટોપીયોકા, શક્કરિયા, સૂરણ, રતાળુ વગેરેમાં શું મળી આવે છે?<br>(A) સ્ટાર્ચ (B) પ્રોટીન (C) ચરબી (D) ફ્રુક્ટોઝ |
| 41 | પાણી આહારમાં અધિક માત્રાવાળું પોષકતત્વ છે, જે કયા બે મૂળતત્વોનું બનેલુ છે?<br>(A) ઓક્સિજન તથા હાઈડ્રોજન (B) કેલ્શિયમ અને ફોસ્ફરસ<br>(C) પ્રોટીન તથા વિટામીન (D) સોડિયમ તથા પોટેશિયમ |
| 42 | એક પુખ્ત વ્યક્તિના શરીરના કુલ વજનનો લગભગ _______પ્રતિશત ભાગ પાણીનો બનેલો હોય છે.<br>(A) 50 (B) 60 (C) 70 (D) 80 |
| 43 | પ્રોટીન લગભગ કેટલા એમિનો એસિડથી બનેલાં હોય છે?<br>(A) 44 (B) 33 (C) 22 (D) 11 |
| 44 | કઠોળમાં ખાસ કરીને શેમાં પ્રોટીન અધિક માત્રામાં છે.<br>(A) વટાણા (B) મસૂર (C) ચણા (D) સોયાબીન |
| 45 | ભોજનમાં પ્રોટીન મુખ્યરૂપે એમિનો એસિડની નાની તથા લાંબી _______ના રૂપમાં હોય છે.<br>(A) કાર્બન (B) ઝૂમકા (C) છૂટક (D) શૃંખલાઓ |
| 46 | ટ્રાયગ્લિસરાઈડનું એકમ વસા અમ્લના કેટલા એકમો અને ગ્લિસરોલના કેટલા એકમનું બનેલુ હોય છે?<br>(A) 3.1 (B) 4.2 (C) 5.3 (D) 6.4 |
| 47 | વસા અમ્લ તથા ગ્લિસરોલ નાના આંતરડાના કોષોમાંથી ________માં ભળે છે.<br>(A) આહાર (B) લોહી (C) કોષો (D) શ્વેતકણો |
| 48 | એક વ્યક્તિને કેટલા ગ્રામ તુવેરદાળ જોઈએ?<br>(A) 30 ગ્રામ (B) 40 ગ્રામ (C) 50 ગ્રામ (D) 60 ગ્રામ |
| 49 | 1 ટેબલ સ્પુન = ________ગ્રામ.<br>(A) 15 (B) 20 (C) 25 (D) 50 |
| 50 | કયું વિટામીન રાંધવાથી સોડાથી નાશ પામે છે?<br>(A) વિટામીન A (B) થાયામિન (C) વિટામીન C (D) વિટામીન D |

| | |
|---|---|
| 51 | રોગ ઉત્પન્ન કરતાં ________ખાદ્ય પદાર્થને રાંધવાથી નાશ પામે છે.<br>(A) બેક્ટેરિયા (B) માખી (C) મચ્છર (D) ઈયળ |
| 52 | સૂર્યમુખીનું તેલ કયા પ્રદેશમાં વપરાય છે?<br>(A) કર્ણાટક (B) આંધ્રપ્રદેશ (C) મહારાષ્ટ્ર (D) ગુજરાત |
| 53 | ધાન્ય, કંદ-કંદમૂળ, ખાંડ/ગોળ, ચરબી/તેલ/ઘી કયા ખાદ્ય સમૂહમાં સમાવેશ કરી શકાય?<br>(A) રક્ષણાત્મક (B) શક્તિદાયક (C) બંધારણાત્મક (D) શક્તિ વિહીન |
| 54 | RDI એ સૂચવેલ કેલરીના કેટલા ટકાથી વધુ કેલરી ધાન્ય દ્વારા મેળવી શકાય નહી?<br>(A) 55 (B) 65 (C) 75 (D) 85 |
| 55 | RDI એ સૂચવેલ કેલરી સગર્ભા સ્ત્રી માટે કેટલી આપી શકાય?<br>(A) 2165 (B) 2160 (C) 2170 (D) 2175 |
| 56 | પદાર્થ ઉપર લાગતું પૃથ્વીનું કુલ આકર્ષણબળ તેને શું કહેવાય?<br>(A) કદ (B) વજન (C) પ્રમાણમાપ (D) વજન કરવાનું સાધન |
| 57 | _______ના પ્રમાણમાં આહાર આયોજનની વ્યવસ્થા કરવી.<br>(A) આવક (B) સાધન (C) ઋતુ (D) સમય |
| 58 | નિર્જલીકરણ દૂર કરવા માટે મ્હોં દ્વારા અપાતું દ્રાવણ/પ્રવાહીને શું કહેવાય?<br>(A) દૂધ (B) શરબત (C) ઓ.આર.એસ. (D) છાસ |
| 59 | વ્યક્તિગત અભિરુચીઓ, ભિન્ન-ભિન્ન પોષણ વિષયક આવશ્યકતાઓ તથા ખાવાની ટેવો એ કંઈક એવા કારણો છે જેનાથી કોને અસર કરે છે?<br>(A) આહાર આયોજન (B) સમય (C) ઋતુ (D) એક પણ નહી |
| 60 | બીજા વર્ષમાં બાળકનું દરેક ત્રણ મહિનામાં કેટલીવાર વજન કરવાથી તેની વૃધ્ધિ વિષે જાણકારી મળે છે?<br>(A) ચાર (B) એક (C) ત્રણ (D) બે |
| 61 | બાળસ્વાસ્થ્ય માટે કોની સાથે વાત કરવી?<br>(A) દાદા-દાદી (B) માતા-પિતા (C) ભાઈ-બહેન (D) કાકા-કાકી |
| 62 | સેરેટેડ નાઈફની લંબાઈ કેટલા ઈંચની હોય છે?<br>(A) 8 થી 10 (B) 10 થી 12 (C) 10 થી 14 (D) 10 થી 15 |
| 63 | આહાર આયોજન એક કૌશલ્ય છે, જે નિરંતર ________થી જ વિકસિત થાય છે.<br>(A) જોવાથી (B) અનુભવવાથી (C) વિચાર (D) અભ્યાસ |
| 64 | આહાર આયોજનને શું કહી શકાય?<br>(A) કલા (B) આવડત (C) અ કલા (D) ત્રણેય |
| 65 | કઈ માન્યતાઓને ધ્યાનમાં રાખી આહાર આયોજન કરવું?<br>(A) રાજકીય (B) ધાર્મિક (C) નૈતિકતા (D) રાષ્ટ્રીય |
| 66 | આહાર આયોજન કરતી વખતે કયા ખાદ્ય-પદાર્થોને આહારમાં સંમિલિત કરવા જરૂરી છે?<br>(A) વિભિન્ન (B) ભિન્ન (C) એક સરખા (D) પુનરાવૃત્તિ |
| 67 | કયા અધિકતા વાળા આહારમાં કાર્બોદિત પદાર્થયુક્ત આહારની તુલનામાં અધિક ક્ષુધા સંતૃપ્તિની ક્ષમતા હોય છે?<br>(A) ચરબી, કેલ્શિયમ (B) ચરબી તથા પ્રોટીન<br>(C) વિટામીન, ક્ષાર (D) ફોસ્ફરસ, લોહ |
| 68 | ખાદ્ય પદાર્થમાં કઈ પધ્ધતિનો ઉપયોગ કરવાથી ભોજનમાં વિવિધતા લાવી શકાય છે?<br>(A) ફણગાવવાની તથા આથવણ (B) તળવાની, બાફવાની<br>(C) શેકવાની (D) ઊંડા તેલમાં તળેલી વાનગી |
| 69 | શિક્ષક, દરજી, ટાઈપિસ્ટ, ક્લાર્ક, ઓફિસર, ગૃહિણી તેઓ કયા શ્રમ કરવાવાળાની શ્રેણીમાં આવે છે?<br>(A) સખ્ત શ્રમ (B) કઠોર શ્રમ (C) અલ્પ અથવા હલ્કો શ્રમ (D) માધ્યમ શ્રમ |

| | |
|---|---|
| 70 | વૃદ્ધાવસ્થામાં સ્વાદ પ્રતિ સંવેદના થઈ જાય છે.<br>(A) ઓછી (B) વધારી (C) મધ્યમ (D) એક પણ નહી |
| 71 | ભારતીય મિષ્ટાન જે અધિકતર બેસનમાંથી બનાવાય છે.<br>(A) વેઢમી (B) હલીમ (C) પેંડા (D) લાડુ |
| 72 | કન્નડ વાનગી જેમાં ભિન્ન અંકુરિત કઠોળ એક સાથે રાંધવામાં આવે છે.<br>(A) મિસળ (B) ઉસળ (C) રાયતું (D) ભેળ |
| 73 | અનાજ, કંદમૂળ, ચરબી, ખાંડ, ગોળ વગેરે શું પ્રદાન કરે છે?<br>(A) ઊર્જા (B) પ્રોટીન (C) હવા (D) વિટામીન A |
| 74 | ભારતીય ઘઉંની કઈ જાતો રોટલી બનાવવા માટે વિશેષરૂપે ઉપયોગમાં લેવાય છે?<br>(A) ભાલિયા (B) શરબતી અને બંસી (C) ટુકડી (D) મેક્સિકન |
| 75 | ભારતમાં લગભગ અડધાથી પણ વધારે ઉગાડવામાં આવતા ચોખા કઈ જાતના હોય છે?<br>(A) ઉકડા (B) બાસમતી (C) જ્યા (D) ગુજરાત સત્તર |
| 76 | પૂર્વ અને દક્ષિણ ભારતના ભાગોમાં સેલા ચોખાના પ્રયોગની પરંપરા છે. આથી તે કયા સમૂહના વિ. મુખ્ય સ્રોત બની જાય છે?<br>(A) વિટામીન A (B) વિટામીન B (C) વિટામીન C (D) વિટામીન D |
| 77 | વિશ્વના આહારોમાં ઊર્જાના સ્રોતના રૂપમાં બટાકા કયા સ્થાને છે?<br>(A) પ્રથમ (B) બીજા (C) ત્રીજા (D) ચોથા |
| 78 | મગફળીને ભારતમાં કઈ શતાબ્દીમાં વાસ્કો-દ-ગામા પછી આવનારા પોર્ટુગીઝ વ્યાપારીઓ લાવ્યા?<br>(A) પંદરમી (B) સોળમી (C) સત્તરમી (D) અઢારમી |
| 79 | રોજના આહારમાં વસા અમ્લની અધિક્તાવાળા તેલનું પ્રમાણ કેટલા ગ્રામ જેટલું જ હોવું જોઈએ?<br>(A) 15 ગ્રામ (B) 20 ગ્રામ (C) 25 ગ્રામ (D) 27 ગ્રામ |
| 80 | સફેદ ખાંડમાં કેટલા પ્રતિશત સુક્રોઝ હોય છે?<br>(A) 99.2 (B) 99.3 (C) 99.4 (D) 99.5 |
| 81 | પશ્ચિમબંગાળ તથા તામિલનાડુમાં ગોળ શેમાંથી બનાવવામાં આવે છે?<br>(A) તાડી તથા ખજૂર (B) શેરડી (C) નારિયેળ (D) સાબુદાણા |
| 82 | ભારતમાં બનાવવામાં આવતા મધમાં કેટલા ટકા પાણી તથા કાર્બોદિત પદાર્થો હોય છે?<br>(A) 10, 70 (B) 20, 80 (C) 30, 90 (D) 40, 100 |
| 83 | ભારતીય મિષ્ટાન ઉદ્યોગમાં બહુ પ્રચલિત થઈ રહ્યુ છે.<br>(A) અસ્પારટેમ (B) સોરબીટોલ (C) સોડિયમ કાઈલામેટ (D) સેકરીન |
| 84 | બાળકો માટે કઈ દાળનો ઉપયોગ વિશેષ પ્રકારે થાય છે?<br>(A) ચણાની (B) તુવેરની (C) મગની (D) અડદની |
| 85 | દાળ અને કઠોળમાં શું વધુ હોય છે?<br>(A) લાયસિન (B) મિથીઓનિન (C) સ્લીટીન (D) ત્રણેયમાંથી એક પણ નહી |
| 86 | ગાયના દૂધમાં લગભગ કેટલા ટકા વસા છે?<br>(A) 2.5 (B) 3.5 (C) 4.5 (D) 5.5 |
| 87 | દૂધમાંથી કેટલા ટકા પાણી કાઢી લીધા પછી સંપૂર્ણ દૂધનો પાવડર મેળવવામાં આવે છે?<br>(A) 65 (B) 75 (C) 85 (D) 90 |
| 88 | સમુદ્રી માછલીઓ ________સારા સ્રોત ગણાય છે.<br>(A) આયોડીન (B) કેલ્શિયમ (C) ફોસ્ફરસ (D) લોહ |
| 89 | અખરોટમાં કેટલા ટકા ચરબી હોય છે?<br>(A) 60 (B) 62 (C) 64 (D) 66 |

| | |
|---|---|
| 90 | આપના દેશમાં અનેક પ્રકારના ફળ તથા શાકભાજી ઉગાડવામાં આવે છે, જેની વાર્ષિક ઊપજ લગભગ કેટલા ટન છે?<br>(A) 40 લાખ (B) 50 લાખ (C) 53 લાખ (D) 55 લાખ |
| 91 | પાંદડાવાળા શાકભાજીનો વર્ગ______અને ______નો સારો સ્રોત ગણાતો નથી.<br>(A) થાયામમિન અને નિયાસીનનો (B) વિ. A અને વિ. B<br>(C) કેલ્શિયમ અને ફોસ્ફરસ (D) પ્રોટીન અને ચરબી |
| 92 | વિશ્વમાં ઊગાડવામાં આવતા લગભગ 70 જાતના મસાલામાંથી કેટલી જાતનાં મસાલા ભારતમાં જ ઉગાડવામાં આવે છે?<br>(A) 40 (B) 50 (C) 60 (D) 70 |
| 93 | મીઠું આપણને રાજસ્થાનમાં કઈ જગ્યાએથી મળે છે?<br>(A) સાંભર (B) ચિલકા (C) મેનીકુડી (D) મંડી |
| 94 | લાંબા સમય માટે સંગ્રહ કરવા માટે તેમાં શું રાખવામાં આવે છે?<br>(A) લીમડાનાં પાન (B) મીઠાના ગાંગડા (C) પાવડર (D) કપૂર |
| 95 | મૂળ ચા _________દેશની દેન છે.<br>(A) ભારત (B) પાકિસ્તાન (C) ચીન (D) ઓસ્ટ્રેલિયા |
| 96 | ચા તેની મહેક તથા સુવાસ માટે પસંદ કરો છો, તો તમારે ફક્ત કેવી પત્તીવાળી ચા ખરીદવી?<br>(A) પત્તીનો ભૂક્કો (B) આખી પત્તીવાળી (C) બે પાંદડીવાળી (D) કળીઓવાળી |
| 97 | ભારતમાં સૌપ્રથમ કોફીના છોડ કયા વિસ્તારમાં ઉગાડવામાં આવેલ.<br>(A) કેરળના પહાડી (B) કર્ણાટકના પહાડી (C) હિમાચલના પહાડી (D) અરુણાચલ પહાડી |
| 98 | 180 મિલીની અમાદક પેય પદાર્થની બોટલમાં કેટલા ગ્રામ ખાંડ અને સેકરીન હોય છે?<br>(A) 7, 11 (B) 6, 15 (C) 9, 18 (D) 8, 16 |
| 99 | ખાદ્યપદાર્થોની ભેળસેળ અટકાવવા માટે ભારતમાં પહેલું એવું અધિનિયમ કઈ સાલમાં બનાવવામાં આવ્યું?<br>(A) 1880 (B) 1885 (C) 1890 (D) 1899 |
| 100 | મોટાભાગના બેક્ટેરિયા, યીસ્ટ અને ફૂગમાં કેટલા સેન્ટીગ્રેડ પર વૃધ્ધિ તેજ ગતિથી થતી હોય છે?<br>(A) $16^0$ થી $38^0$ (B) $17^0$ થી $19^0$ (C) $18^0$ થી $20^0$ (D) $19^0$ થી $21^0$ |